Media Release

ત્વરિત જાહેરાત માટે

# ગેટ બેક ટૂ બેટર. વેક્સિનેટ બ્રેમ્પટન.

***રહેવાસીઓને રસીકરણ માટે પ્રોત્સાહિત કરવા સીટીએ વેક્સિનેટ બ્રેમ્પટન ઝુંબેશ શરૂ કરી***

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 2, 2021) – રસીકરણ પ્રક્રિયા ચાલુ છે ત્યારે અને રસીની બીજા શોટ્સની પ્રક્રિયા આ ઉનાળામાં ગતિમય બનાવવાની પ્રોવિન્સની ઘોષણાને અનુસરતા – પુરવઠો ઉપલબ્ધ રહે તો, સીટીએ પોતાની ઝુંબેશ શરૂ કરી "ગેટ બેક ટૂ બેટર. વેક્સિનેટ બેટર." જે બ્રેમ્પટન અને પીલમાં રસીકરણમાં જોવા મળેલી ગતિને વેગમય બનાવશે.

"ગેટ બેક ટૂ બેટર. વેક્સિનેટ બ્રેમ્પટન." ઝુંબેશ સ્થાનિક પ્રતિભાશાળી બ્રેમ્પટનવાસીઓએ રસીકરણ કરાવવાનો નિર્ણય લેવા પાછળના અંગત કારણો પર ધ્યાન આપે છે, અને કેવી રીતે તે દર્શાવે છે, બધાં રહેવાસીઓ રસી ઉપલબ્ધ થાય એટલે પોતે પોતાની રસી મેળવી લે તેનાથી, સમુદાય તેઓની આસપાસના લોકોને સંરક્ષણ આપશે અને જીવનના એ પહેલુઓ પર પરત આવશે જેને તેઓ COVID-19 વૈશ્વિક મહામારીને લીધે માણવાનું ચૂકી ગયા હતા.

રસીઓ આપણાં સમદાયને બેક ટૂ બેટર (વધારે સારી સ્થિતિમાં પરત લાવવામાં) નિર્ણાયક ભૂમિકા ભજવે છે. COVID-19 દરમિયાન દરેક વ્યક્તિ જુદી જુદી રીતે પ્રભાવિત થઇ છે, અને બધાં રહેવાસીઓ પાસે રસીકરણ કરાવવા માટે પોતાના અંગત કારણો છે.

**રસીઓ**

તા. મે 25, 2021 સુધીમાં, 357,008 બ્રેમ્પટનવાસીઓ – અથવા 52.3 ટકા લોકો – COVID-19 રસીનો પોતાનો પહેલો ડોઝ લઇ ચૂક્યા છે. પીલમાં રહેતી, કામ કરતી કે સ્કૂલે જતી 12 વર્ષ ઉપરાંતની વ્યક્તિઓ હવે પીલ રીજીયનમાં વેક્સિન માટે પોતાની પહેલી એપોઇન્ટમેન્ટ બૂક કરાવવાને પાત્ર બની છે.

તા. મે 28, 2021 નાં રોજ, ઓન્ટેરિયો ગવર્મેન્ટે ઘોષણા કરી કે તેઓ આ ઉનાળામાં બે-ડોઝનું લક્ષ્ય રાખીને બીજો ડોઝ શરૂ કરવાનું કાર્ય વેગમય બનાવી રહ્યાં છે. જો પૂરતો વેક્સિન પુરવઠો મળી રહે તો, અપેક્ષા રાખવામાં આવે છે કે રસી મેળવવાનું પસંદ કરતા મોટા ભાગના ઓન્ટેરિયોવાસીઓએ આ ઉનાળાના અંત સુધીમાં સંપૂર્ણપણે રસીકરણ કરાવી લીધું હશે.

હાલમાં, 80 વર્ષ કે વધારે ઉંમરના પીલવાસીઓ ટૂંકા સમયગાળામાં પોતાનો બીજો ડોઝ બુક કરાવવાને પાત્ર છે. વધુ માહિતી અહીં મેળવી શકાય છે.

**આરોગ્ય અને સુરક્ષા ઉપાયોની યાદ અપાવીએ છીએ**

રહેવાસીઓએ રસીકરણ કરાવી લીધું હોય તો પણ, તેઓને બધાં આરોગ્ય અને સુરક્ષા ઉપાયો અનુસરવાના મહત્વની યાદ અપાવવામાં આવે છે જેથી આપણાં સમુદાયને સુરક્ષિત રાખવામાં અને COVID-19 નો ફેલાવો રોકવામાં મદદ મળી રહે. બ્રેમ્પટનવાસીઓએ માસ્ક્સ પહેરવાનું, વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર રાખવાનું, પોતે સારી સ્વચ્છતા જાળવવાનું અને પોતે અસ્વસ્થ અનુભવે તો ઘરે રહેવાનું ચાલુ રાખવું રહ્યું.

તમે પોતાને અને તમારા પ્રિયજનોને સંરક્ષણ આપો, અને જો તમે હજુ સુધી તેમ ન કર્યું હોય તો, તમારી પહેલી COVID-19 રસી લેવાનું બુકિંગ કરાવો. બીજા ડોઝની ઉપલબ્ધતા પર અદ્યતન માહિતી પ્રોવિન્સના વેક્સિન બુકિંગ પોર્ટલ પર મેળવો, અને વહેલામાં વહેલી તકે તમે રસીનું બુકિંગ કરાવો. સાથે મળીને, આપણે COVID-19 નો ફેલાવો રોકીશું.

**કડીઓ (લિંક્સ)**

- [વેબસાઇટ – ગેટ બેક ટૂ બેટર. વેક્સિનેટ બ્રેમ્પટન.]
- [વીડિયો – ગેટ બેક ટૂ બેટર. વેક્સિનેટ બ્રેમ્પટન.]
- [રીજીયન ઓફ પીલનું વેક્સિન બુકિંગ પોર્ટલ]
- [ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયોનું વેક્સિન બુકિંગ પોર્ટલ]
- [સીટી ઓફ બ્રેમ્પટનની COVID-19 સામે પ્રતિક્રિયા]
- [પીલમાં COVID-19 નાં કેસીસ]

**અવતરણ (ક્વૉટ):**

"તાજેતરમાં હુંફાળુ હવામાન શરૂ થવાની સાથે, હું જાણું છું કે બધાં બ્રેમ્પટનવાસીઓ આગળના દિવસો વધારે સારા આવવાની ઝલક જોઇ રહ્યાં છે. આપણે ગુમાવેલા લોકોને ધ્યાનમાં લેતા અને આપણી સામૂહિક અને મનપસંદ આઉટડોર પ્રવૃત્તિઓમાં સહભાગી થવા રસીઓ બિલકુલ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પોતાનો પહેલો ડોઝ મેળવનાર સૌનો આભાર, અને ડોઝ ન લીધો હોય અને હજુ મેળવવાને પાત્ર લોકો, કૃપા કરી તમારી વેક્સિનેશન એપોઇન્ટમેન્ટ બુક કરાવો. આ ઉનાળામાં બે-ડોઝ વડે અને બધાં આરોગ્ય અને સુરક્ષા ઉપાયો અનુસરીને, આપણે ખરેખર 'ગેટ બેક ટૂ બેટર'નાં માર્ગ પર છીએ."

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca